For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

આરોગ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાની તાકીદથી રેગિંગમાં 24 જ કલાકમાં પગલાં લેવાયાં

# ડો. હર્ષના આપઘાતમાં ચાર ડોક્ટર સસ્પેન્ડ!

**સુરતની** નવી સિવિલ હોસ્પિટલમાં માઈક્રોબાયોલોજીમાં પ્રથમ વર્ષના વિદ્યાર્થી ડો. હર્ષ પંડ્યાને કલાકો સુધી ગોંધી રાખીને ટોર્ચર કરાતો હોવાનું તપાસમાં બહાર આવ્યું

**‘અમે** તારા બોસ છીએ, તમે અમારા નોકર છો’ તેમ કહેવાતું હતું

સુરતઃ નવી સિવિલ હોસ્પિટલની હોસ્ટેલમાં 30 વર્ષીય રેસિડેન્ટ ડૉક્ટર હર્ષ પંડ્યાના આપઘાત કેસમાં એન્ટી રેગિંગ સ્ક્વોડની તપાસમાં મેન્ટલ હેરેસમેન્ટ, લેક ઓફ ડિસેન્સી અને વર્બલ એબ્યુઝ સહિતની બાબતો સાબિત થતાં ચારેય સિનિયર રેસિડેન્ટ ડૉક્ટરોને છ મહિના માટે સસ્પેન્ડ

...અનુસંધાન પાના 13 પર



**બીજા વર્ષના કયા કયા રેસિડેન્ટને સસ્પેન્ડ કરાયાં**
- ડો. નિરાલી વસાવે
- ડો. અનુજ મહેશ્વરી
- ડો. દીક્ષિતા ઘેવરિયા
- ડો. હિના ભુત

## પરિવાર અને વિદ્યાર્થીઓના આક્ષેપ બાદ તંત્રએ રિ-પીએમ કરાવ્યું

ડો. હર્ષના આપઘાતની ગંભીર ઘટનામાં પણ તંત્રએ કાચું કાપવા તૈયારીઓ કરી લીધી હતી. ડો. હર્ષના મૃતદેહને પહેલાં મેડિકલ ઓફિસર ડો. પ્રિયંકા કંથારીયાએ પોસ્ટમોર્ટમ કર્યું હતું. જ્યારે ડો. હર્ષના પરિવારજનો તેની સાથે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મળ્યા હતા. ત્યારે તેઓએ ડો. હર્ષ સાથે રેગિંગ થયું હોવાની વાત કરી હતી અને પરિવારને જાણ થઈ હતી. ત્યારબાદ પરિવારે તંત્ર સાથે વાત કરતા તંત્રએ આંખ ખોલી હતી અને ફોરેન્સિક વિભાગમાં પેનલ ડોક્ટર પી.એમ મોદી, ગર્વિત ચૌધરી, મેઘલ રાવતની ટીમ પાસે પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

## સાડા સાત કલાકમાં 80થી વધારે વિદ્યાર્થીનાં નિવેદનો લેવાયાં

ડો. હર્ષ પંડ્યાના આપઘાત બાદ તેમના પિતાની ફરિયાદના આધારે રેગિંગના આક્ષેપોની તપાસ શરૂ કરવામાં આવી હતી. નવી સિવિલ હોસ્પિટલના ડીન ડો. જયેશ બ્રહ્મભટ્ટ અને મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડો. પારુલ વડગામાની સંયુક્ત અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરીય કમિટી બનાવવામાં આવી હતી. કમિટી સમક્ષ પ્રથમ વર્ષના 80થી વધારે રેસિડેન્ટ ડોક્ટરો તેમજ તેમના પરિવારજનોના નિવેદનો નોંધવામાં આવ્યા હતા. આ ઉપરાંત માઈક્રોબાયોલોજી વિભાગના સિનિયર રેસિડેન્ટ, ફેકલ્ટી, ટેકનિશિયન અને સફાઈકર્મીઓના પણ નિવેદનો લેવામાં આવ્યા હતા. રાત્રે 8.30 વાગ્યાથી વહેલી સવારે 4 વાગ્યા સુધી ચાલેલી મેરેથોન બેઠક બાદ એન્ટી રેગિંગ સ્ક્વોડે સમગ્ર તપાસનો રિપોર્ટ એન્ટી રેગિંગ કમિટીને સુપરત કર્યો હતો.

## તંત્રએ ચાર સિનિયર રેસિડેન્ટ ડૉક્ટરોને માત્ર સસ્પેન્ડ કરી સંતોષ માન્યો, FIR ક્યારે?

કમિટીના અહેવાલમાં સ્પષ્ટ રીતે રેગિંગ થયું હોવાનું સામે આવ્યું હતું અને અન્ય નવ જેટલા પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓએ ફરિયાદ પણ કરી છે. જેમાં શિસ્તભંગ અને ગંભીર બેદરકારી બદલ ચાર રેસિડેન્ટ ડોક્ટરો સામે કડક કાર્યવાહી કરવાની જગ્યાએ ફક્ત છ મહિના સસ્પેન્ડ કરીને તંત્રે સંતોષ માની લીધો છે. ચારેયને છ મહિના માટે સસ્પેન્ડ કરી તાત્કાલિક હોસ્ટેલ ખાલી કરવા તથા કોઈપણ પ્રકારની

...અનુસંધાન પાના 13 પર

## આજે સવારે અંતિમ યાત્રા નીકળી, ગામ હીબકે ચડ્યું હતું

ડો. હર્ષના આપઘાતની ઘટનાની જાણ થતાં જ અરવલ્લીના મોડાસાથી તેમના પિતા, પિતરાઈ ભાઈ સહિતના પરિવારજનો સુરત સિવિલ હોસ્પિટલ દોડી આવ્યા હતા. રવિવારે મોડી રાત્રે પરિવારે મૃતદેહ લઈને વતન જવા નીકળ્યા હતા. ત્યારબાદ સોમવારે સવારે વતનમાં ડો. હર્ષના મૃતદેહની અંતિમ યાત્રા નીકળી હતી. જેમાં આખું ગામ હીબકે ચડ્યું હતું.

## વિભાગના વડા સહિત ચાર ફેકલ્ટીને શો કોઝ નોટિસ

રેગિંગના મામલે માઈક્રોબાયોલોજી વિભાગના વડા ડો. સુમૈયા મુલ્લા સહિત ચાર ફેકલ્ટી સભ્યોને પણ શોકોઝ નોટિસ આપવામાં આવી છે. જેમાં ડો. સંગીતા રાજદે, ડો. યોગિતા મિસ્ત્રી અને ડો. લતિકા પુરોહિતનો સમાવેશ થાય છે.

## રેગિંગમાં શું થતું હતું?

- R2 સિનિયર્સ દ્વારા R1ને ‘અમે તમારા બોસ છીએ, તમે અમારા નોકર છો’ કહીને અપમાનિત કરવામાં આવતા હોવાનો આક્ષેપ.
- રેસિડેન્ટ ડોક્ટરો કામમાં વ્યસ્ત હોય છતાં સિનિયરો બોલાવે ત્યારે તાત્કાલિક હાજર થવા દબાણ કરવામાં આવતું.
- ‘પ્રથમ જ દિવસથી બધું કામ કેમ નથી આવડતું’ તેમ કહીને માનસિક દબાણ કરવામાં આવતું.
- તમામ R1 વિદ્યાર્થીઓને સાંજે આશરે એક કલાક સુધી બેસાડી રાખી ધમકાવવામાં અને ઠપકો આપવામાં આવતો હોવાના આક્ષેપો

## ગુજરાતની મેડિકલ કોલેજમાં છેલ્લાં 4 વર્ષમાં ૨૩ રેગિંગની ફરિયાદ

અમદાવાદ: છેલ્લા ચાર વર્ષમાં ૨૩ રેગિંગની ફરિયાદ ગુજરાતની મેડિકલ કોલેજમાં નોંધાઈ છે. ગુજરાતની કુલ રેગિંગની ફરિયાદ પૈકી ૨૬% થી વધુ ફરિયાદ માત્ર મેડિકલ કોલેજમાં મળી આવી છે. છેલ્લા ચાર વર્ષમાં સમગ્ર દેશમાં ૫૧૧૩ રેગિંગની ફરિયાદ નોંધાઇ છે. રેગિંગની સેંકડો ફરિયાદ હોવા છતાં વિદ્યાર્થીઓનું રેગિંગ અટકાવવામાં શૈક્ષણિક સંસ્થાઓ નિષ્ફળ છે. પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રદેશ પ્રવક્તા ડો. પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ શોક વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે સુરત શહેરમાં રેગિંગના લીધે મેડિકલ કોલેજના વિદ્યાર્થીની આત્મહત્યાની કરૂણ ઘટના ખૂબ દુઃખદ છે. રાજ્યમાં વર્ષ ૨૦૧૨થી ૨૦૨૨ દરમિયાન યુજીસીની વેબસાઇટ મુજબ ૧૦૫ રેગિંગની ફરિયાદ થઈ હતી. જ્યારે વર્ષ ૨૦૨૨થી ૨૦૨૬ સુધીમાં ફરિયાદ દોઢ ગણી કરતા વધારે થઈ ગઈ છે. યુજીસીની વેબસાઇટ મુજબ છેલ્લા ૪ વર્ષમાં ૮૬ ફરિયાદ થઈ છે. પાટણની ધારપુર કોલેજના વિદ્યાર્થીનો રેગિંગના પાપે જીવ ગુમાવવો પડ્યો હતો. સ્ટેટ ઓફ રેગિંગ ઇન ઇન્ડિયા ૨૦૨૨- ૨૦૨૪ રિપોર્ટમાં ચોંકાવનારો મૃત્યુ આંક સામે આવ્યો છે. રેગિંગ સંબંધિત કિસ્સાઓમાં દેશમાં ૫૧ વિદ્યાર્થીઓના મોત થયા છે, તે પૈકી ૨૩ મૃત્યુ મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓના હતા.

નાસીરનગરઃ ‘પિડીત નહીં પણ જવાબદારો પાસેથી પુનઃવસનનો ખર્ચ વસૂલો’, હાઈકોર્ટની ટકોર

# મ્યુનિ.કમિ. અને ડીસીપી નકુમ તપાસ ચાલતી હોવા છતાં હોદ્દા પર કેમ?

**‘તમારે** સુપ્રીમમાં જવું હોય તો જાવ’; હાઈકોર્ટે રાજ્ય સરકારના વલણ સામે નારાજગી વ્યક્ત કરી

**દેશ** લોકશાહી અને બંધારણ મુજબ ચાલે છે, સામંતશાહી મુજબ નહીં: હાઈકોર્ટ


અમદાવાદઃ નાસીરનગર ડિમોલિશન કેસમાં ગુજરાત હાઈકોર્ટે સોમવારે રાજ્ય સરકાર અને સુરત મહાનગરપાલિકા સામે આકરું વલણ અપનાવી અસરગ્રસ્ત પરિવારોના પુનઃવસન માટે તેમની પાસેથી કોઈપણ પ્રકારની રકમ વસૂલવા સામે સવાલો ઉઠાવ્યા હતા. જસ્ટિસ નિખિલ એસ. કરિયેલે ટકોર કરી હતી કે, જો ડિમોલિશન પ્રક્રિયામાં કાયદાનો ભંગ થયો હોય તો તેનો ભોગ બનેલા લોકોને જ નવા મકાન માટે રૂપિયા ભરાવવાનું કારણ શું?

...અનુસંધાન પાના 13 પર

## ‘ખોટું કરનારા અધિકારીઓને ખબર પડવી જોઈએ કે ભોગવવું પડશે’

જસ્ટીસ કરિયેલે સ્પષ્ટ કર્યું હતું કે જો રાજ્ય સરકાર ખર્ચ નહીં ભોગવે તો સુરત મહાનગરપાલિકાએ પુનઃવસનનો ખર્ચ ઉઠાવવો જોઈએ અને ત્યારબાદ જવાબદાર અધિકારીઓ પાસેથી તેની વસૂલાત કરી શકાય. ‘આવું કરનારા અધિકારીઓને ખબર પડવી જોઈએ કે ખોટું કાર્ય કરતા ભોગવવું પડશે’, તેવી ટકોર સાથે કોર્ટે જણાવ્યું હતું કે વહીવટી ભૂલનો આર્થિક બોજ નિર્દોષ અસરગ્રસ્તો પર નાખી શકાય નહીં. કોર્ટે વધુમાં કહ્યું હતું કે અસરગ્રસ્તો દબાણકર્તા હોય તો પણ કાયદાની પ્રક્રિયા અનુસર્યા વિના તેમના મકાન તોડી શકાય નહીં. નોટિસ અને કાયદેસરની પ્રક્રિયા વિના કોઈનું ઘર તોડી પાડવું સ્વીકારી શકાય નહીં. દેશ લોકશાહી અને બંધારણ મુજબ ચાલે છે, સામંતશાહી મુજબ નહીં, તેવી પણ કડક ટકોર કરવામાં આવી હતી.

## ગરીબ પરિવારની ઝૂંપડીમાં દશામા જાણે સાક્ષાત અવતર્યા



ભક્તિને કોઈ મોટા મહેલો કે સાધનોની જરૂર નથી હોતી, તેને તો બસ શુદ્ધ પ્રેમ અને શ્રદ્ધા જોઈએ! અલથાણ રોડ પર એક ગરીબ પરિવારે પોતાની ઝૂંપડીમાં દશામાનું સ્થાપન કર્યું છે. લાઈટોનું સુશોભન કે શણગાર નહીં પરંતુ સાચી શ્રદ્ધા સાથે પરિવાર દશામાની પૂજા કરી રહ્યું છે. ઝૂંપડીમાં દશામા પાસે પ્રજ્વલિત કરેલો દીવો કોઈ મહેલની આંખ આંજી કાઢે તેવી રોશની કરતાં પણ તેજથી ભરપૂર જણાઈ રહ્યો છે. (તસવીરઃ હેમંત ડેરે)

# પૂરનિવારણ માટે ખાડીનો 188 પૈકી 180 કિમીનો સરવે પૂરો

**મનપા** કમિશનરની અધ્યક્ષતામાં ખાડી પૂરનિવારણ સમિતિની સતત ત્રીજી બેઠકમાં રિવ્યુ

**અલથાણ** ડાઉન સ્ટ્રીમમાં ખાડી પહોળી કરવાનું કામ શરૂ થયાનો સિંચાઈ વિભાગનો દાવો

75 કિમીનો ડેટા પ્રોસેસ થઈ ગયો, હવે હાઈડ્રોમોલોજી મોડેલ તૈયાર કરાશે

સુરત : સુરતમાં દર ચોમાસે વિકટ બનતી ખાડીપૂરની સમસ્યાના કાયમી ઉકેલ માટે રચાયેલી ખાસ સમિતિ હવે સરવે અને ટેકનિકલ અભ્યાસને ઝડપી બનાવવાની દિશામાં આગળ વધી રહી છે. સોમવારે મ્યુનિસિપલ કમિશનર નાગરાજનની અધ્યક્ષતામાં તાપી ભવન ખાતે મળેલી ખાડીપૂર નિવારણ ખાસ સમિતિની બેઠકમાં શહેરની વિવિધ ખાડીઓના ડિજિટલ સરવે, હાઈડ્રોલોજી મોડેલ, ખાડી પહોળી કરવા સહિતના વિવિધ વિકલ્પો અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

ખાડીપૂર નિવારણ માટે

...અનુસંધાન પાના 13 પર

## બમરોલીથી ચીકુવાડી સુધી પાણી ડાયવર્ઝનના વિકલ્પો

બમરોલી વિસ્તારમાં ખાડી કિનારે આવેલા આશરે 330 એકર બાયોડાયવર્સિટી પાર્કના ડિજિટલ સરવેની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. ખાડીપૂરનું પાણી અહીં રિટેઈન અથવા ડાયવર્ટ કરી શકાય તે અંગે કન્સલ્ટન્ટને નક્કર આયોજન રજૂ કરવા સૂચના આપવામાં આવી છે. બીજી તરફ વરાછા ખાડીના પાણીને કોયલી ખાડી તરફ લઈ જવાને બદલે ચીકુવાડી-કલકુંજ રિવર બ્રિજ નીચે આવેલા ફ્લડ ગેટ મારફતે સીધું નદીમાં ડાયવર્ટ કરી શકાય કે કેમ તે અંગેનો વિગતવાર સરવે પણ પૂર્ણ કરવામાં આવ્યો છે. આ બંને વિકલ્પો અંગે આગામી દિવસોમાં નક્કર આયોજન રજૂ થવાનું છે.

## નોન-ટીપી વિસ્તારોમાં પણ સરવે કરાયો

શહેરના પાંચ નોન-ટીપી વિસ્તારો પૈકી બુડિયા અને જીયાવમાં ILR દ્વારા સરવે પૂર્ણ કરવામાં આવ્યો છે. બાકીના ત્રણ વિસ્તારોનો સરવે આગામી દિવસોમાં પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી છે. આમ, જુલાઈમાં વારંવાર સર્જાયેલા ખાડીપૂર બાદ હવે મનપા દ્વારા માત્ર તાત્કાલિક રાહત નહીં પરંતુ લાંબા ગાળાના ટેકનિકલ ઉકેલ તરફ આગળ વધવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. જોકે, 188 કિ.મી.ના સરવેમાંથી 180 કિ.મી.નું મેદાની કામ પૂર્ણ થયા બાદ હવે સૌથી મોટો પડકાર આ ડેટાને હકીકતમાં ખાડી પહોળી કરવા, ડાયવર્ઝન, રિટેન્શન અને ડ્રેનેજ ક્ષમતા વધારવાના નક્કર કામમાં કેટલા ઝડપથી ફેરવવામાં આવે છે.

## પાણીને રીટેઈન કરવા બાયોડાયવર્સિટીની 330 એકર જગ્યાનો ડિજિટલ સરવે પૂર્ણ

પ્રોજેક્ટને સચોટ બનાવવા નેશનલ હાઈવે, બ્રિજ, ડીએફસીસી સ્ટ્રક્ચર તેમજ સુરત-મુંબઈ એક્સપ્રેસવેના ડેટા મંજૂરી બાદ આગામી બે દિવસમાં કન્સલ્ટન્ટને પૂરા પાડવામાં આવશે. આ ઉપરાંત, પૂરના પાણીના યોગ્ય નિકાલ માટે બમરોલી સ્થિત બાયોડાયવર્સિટી પાર્કની 330 એકર જગ્યામાં પાણીને રીટેઈન કે ડાયવર્ટ કરવા ડિજિટલ સરવે પૂર્ણ કરાયો છે. સાથોસાથ વરાછા ખાડીના પાણીને કોયલી ખાડીના બદલે ચીકુવાડી કલાકુંજ રિવર બ્રિજ નીચેના ફ્લડ ગેટ મારફતે સીધું તાપી નદીમાં ડાયવર્ટ કરવા માટેનો ડિટેઈલ સરવે પણ પૂરો થઈ ગયો છે.

# સુરતમાં આખરે વરસાદનો વિરામ તૂટ્યો સાંજે બે કલાકમાં અડધો ઈંચ પડ્યો

**સાંજના** વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરીઃ કામરેજમાં 4 મીમી, ચોર્યાસી અને અરેઠમાં 1-1 મીમી વરસાદ

સુરતઃ સુરત શહેરમાં વરસાદના અભાવે ઉકળાટ અને બફારાનું પ્રમાણ પણ વધ્યું હતું. આજે સાંજના સમયે સુરત શહેર સહિત જિલ્લાના કેટલાક તાલુકાઓમાં વરસાદી માહોલ સર્જાતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને લોકોને ઉકળાટમાંથી થોડી રાહત મળી હતી.

સુરત શહેરમાં આજે સાંજના બે કલાકના સમયગાળામાં અડધો ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. દિવસભર ઉકળાટ અને બફારાનો સામનો કરી રહેલા સુરતવાસીઓને સાંજના વરસાદથી રાહત મળી હતી. સુરત શહેર ઉપરાંત જિલ્લાના કેટલાક તાલુકાઓમાં પણ આજે વરસાદ નોંધાયો હતો. મળતી વિગતો મુજબ કામરેજ તાલુકામાં 4 મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે ચોર્યાસી અને અરેઠ તાલુકામાં 1-1 મીમી વરસાદ નોંધાયો હતો. જિલ્લાના અન્ય વિસ્તારોમાં પણ દિવસ દરમિયાન વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. આગામી દિવસોમાં વરસાદી

...અનુસંધાન પાના 13 પર

## ઉકાઈ ડેમમાં પાણીની આવક-જાવક 23 હજાર ક્યુસેક

બીજી તરફ ઉકાઈ ડેમના ઉપરવાસમાં પણ વરસાદે હાલ વિરામ લીધો છે. જેના કારણે ડેમમાં પાણીની આવક અને જાવક હાલ 23 હજાર ક્યુસેક આસપાસ રાખવામાં આવી છે. ડેમની સપાટી હાલમાં 334.74 ફૂટ પર સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. ઉપરવાસમાં વરસાદનું પ્રમાણ ઘટતા ડેમમાં પાણીની આવકમાં પણ તે મુજબ ફેરફાર જોવા મળી રહ્યો છે. ડેમના જળસ્તર અને આવક-જાવક પર સિંચાઈ તથા જળસંચય તંત્ર દ્વારા સતત નજર રાખવામાં આવી રહી છે.

# ગુદા માર્ગમાં કાચની બોટલ ભરાવી, 4 દિવસ પરિવારને કહ્યું નહીં, અંતે મોત

**ગોડાદરાનો** યુવાન પ્રયોગ કરવા જતાં બોટલ ફસાઈ ગઈ, આખરે પત્નીને કહેતા હોસ્પિટલમાં લઈ જવાયો

**ઓપરેશન** કરી બોટલ બહાર પણ કઢાઈ પરંતુ શ્વાસની તકલીફથી મોત થઈ ગયું

સુરતઃ ગોડાદરા વિસ્તારમાં એક યુવાનને ગુદા માર્ગમાં કાચની બોટલ નાખવાનું ભારે પડ્યું હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આશરે 5થી 6 ઈંચની કાચની બોટલ ગુદા માર્ગમાં ફસાઈ જતાં યુવાન ચાર દિવસ સુધી શરમના કારણે પરિવારને આ અંગે જણાવી શક્યો નહોતો. આખરે પત્નીએ પૂછપરછ કરતાં સમગ્ર હકીકત સામે આવી હતી. ત્યારબાદ તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તબીબોની ટીમે ઓપરેશન કરી બોટલ બહાર કાઢી હતી. જોકે બાદમાં શ્વાસની તકલીફ સહિતની સારવાર દરમિયાન રવિવારે રાત્રે તેનું મોત નીપજ્યું હતું.

નવી સિવિલ હોસ્પિટલ પાસેથી

...અનુસંધાન પાના 13 પર

25 વર્ષ પછી સુરતની 1.25 કરોડની વસતી માટે અત્યારથી ‘વોટર માસ્ટર પ્લાન’ જરૂરી

# 2050 સુધીમાં ઉકાઈ સિવાયના સ્ત્રોત જરૂરી

**1972માં** આશરે 4.71 લાખની વસતીને ધ્યાનમાં રાખીને રચાયેલું જળવિઝન આજે પણ પાણી પુરવઠો પૂરો પાડી રહ્યું છે

સુરતઃ વર્ષ 1972 માં જ્યારે ઉકાઈ ડેમ બન્યો ત્યારે સુરતની વસ્તી 4.71 લાખ હતી. જે આજે 80 લાખથી વધારે છે. આ 54 વર્ષમાં ઉકાઈ

...અનુસંધાન પાના 13 પર



## સવાલ માત્ર ‘પાણી છે કે નહીં?’નો નથી, ‘કેટલાં વર્ષ માટે છે?’નો છે

ઉકાઈ ડેમનું અસ્તિત્વ પાંચ દાયકાથી સફળ રહ્યું છે, પરંતુ કોઈપણ મોટા જળાશયની જેમ તેના માટે પણ લાંબા ગાળે જળસંગ્રહ ક્ષમતા, કેચમેન્ટમાં થતા ફેરફારો અને ગાદ-કાંપનું સંચાલન મહત્વનું બની જાય છે.

## આ પણ ભવિષ્યના સારા વિકલ્પો બની શકે

પીવાનું પાણી લોકો માટે, રિસાયકલ પાણી ઉદ્યોગો માટે, ટ્રીટેડ પાણી બગીચા અને અન્ય નોન-પોટેબલ ઉપયોગ માટે. જો ઉદ્યોગોની વધતી પાણીની માંગનો મોટો હિસ્સો રિસાયકલ પાણીથી પૂરો કરી શકાય, તો તાજા પાણીના સ્ત્રોતો પરનો દબાણ નોંધપાત્ર રીતે ઘટાડી શકાય.

# ટ્રાફિક ભંગનું જૂનું ઈ-ચલણ હોય તો ભરી દેજો, RTO કાનૂની પગલાં લેશે

**સુરતમાં** 63 હજાર જૂનાં ઈ-ચલણોની વસૂલાત કડક કરવાનો RTOનો નિર્ણય

સુરતઃ શહેરમાં ટ્રાફિક નિયમોના અમલીકરણ અને ઈ-ચલણની નવી ડિજિટલ સિસ્ટમ પૂર્ણપણે અમલી બને તે પહેલાં જ જૂના ચલણોનો દંડ ન ભરનારા વાહનચાલકોમાં ભારે ચિંતા અને દોડધામનો માહોલ સર્જાયો છે. લાંબા સમયથી ટ્રાફિક નિયમ ભંગ બદલ ઈશ્યુ થયેલા ચલણોની રકમ ભરપાઈ કરવામાં વાહનચાલકો દ્વારા

...અનુસંધાન પાના 13 પર

## ડ્રાઇવિંગ લાઇસન્સ રદ કરવા સહિત વાહનો બ્લેકલિસ્ટ કરવાની તૈયારી

આ ઉપરાંત, જે વાહનચાલકો મુદત વીતી ગયા પછી પણ હાજર થતા નથી અથવા દંડ ભરવામાંથી છટકી રહ્યા છે, તેમના ડ્રાઇવિંગ લાઇસન્સ રદ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. સાથોસાથ, તેમના વાહનોને RTOના સેન્ટ્રલ સિસ્ટમમાં બ્લેકલિસ્ટ કરી દેવામાં આવશે. વાહન બ્લેકલિસ્ટ થવાના કારણે ભવિષ્યમાં વાહનનું વેચાણ, RC બુકનું ટ્રાન્સફર, ઈન્સ્યોરન્સ કે અન્ય કોઈ પણ RTO સંબંધિત સરકારી કામગીરી અટકી પડશે.




ચોથી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

પુજય ભાઇશ્રી, કયારેય કલ્પી ન શકાય તેવી અણધારી વિદાય અમારા સૌના કાળજા કંપાવી ગઇ, સમય પહેલા સૂર્ય અસ્ત થયો, ક્ષણભરમાં અંધકાર છવાઇ ગયો, રડી પડે છે આંખો અમારી, ભાઇ-બહેનનો પવિત્ર તહેવાર "રક્ષાબંધન" યાદ રહી જશે. ભાઇ, આંખોના આંસુ લૂંછાઇ જાય છે. પણ હૃદયના આંસુ હંમેશા એમના એમ રહી જાય છે.

પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ સહૃદયથી પ્રાર્થના. ૐ શાંતિ.. શાંતિ.. શાંતિ

સ્વ. અજયભાઇ ધનજીભાઇ પટેલ
સ્વ. તા. ૧૧-૮-૨૦૨૨ ગુરૂવાર

લિ.
ધનજીભાઇ ફકીરભાઇ પટેલ (પિતા) | મહેશભાઇ ડી. પટેલ (ભાઇ)
અનિલભાઇ ડી. પટેલ (ભાઇ) | પ્રિન્સ અજયભાઇ પટેલ (પુત્ર)

મુ. મંદિર ફળિયું, જીઆવ ગામ, તા. સિટી, સુરત.



અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીકસ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીકસ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેકસ : ૨૫૯૯૯૯૦



છઠ્ઠી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ




સ્વ. મંજુલાબેન શશીકાંતભાઈ જરીવાળા
સવંત ૨૦૭૬ અષાઢ વદ ૧૪ને રવિવાર તા. ૧૯/૭/૨૦૨૦

આપના ઉત્તમકાર્ય અને નિઃસ્વાર્થ સેવાથી સુશોભિત શાશ્વત સ્મૃતિ અમારા અંતઃકરણમાં અનંત પ્રજ્વલિત રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને મોક્ષપ્રાપ્તિ અર્પે એજ પ્રાર્થના.

લિ. શશીકાંતભાઈ ગુલાબદાસ જરીવાળા
ધર્મેશ શશીકાંતભાઈ જરીવાળા | ભાવનાબેન ધર્મેશકુમાર જરીવાળા
મનોજ શશીકાંતભાઈ જરીવાળા | દિવ્યાબેન મનોજકુમાર જરીવાળા
મનીષ શશીકાંતભાઈ જરીવાળા | નિમીષાબેન મનીષકુમાર જરીવાળા
મનીષાબેન યોગેશકુમાર જરીવાળા
બી.એસ. જરીવાળા પરિવાર



તૃતીય વાર્ષિક પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી



સ્વ. નવીનચંદ્ર મનસુખલાલ ખાટીવાલા
સ્વ. તા. 11-08-2023

પપ્પા વિષે તો શું કહીએ?
કર્મયોગની સદા લહેરાતી વસંત,
જાણે સંસારમાં રહે કોઈ સંત.
પપ્પા અમે તમારા હસ્તાક્ષર બની રહીએ એવા આશીર્વાદ આપજો.
તૃતીય પુણ્યતિથિ એ પપ્પા ને શત શત નમન

લી.
સ્વ. મંજુલાબેન નવીનચંદ્ર ખાટીવાલા
કમલેશ, રાજવી, જયેશ, પ્રીતિ, જીજ્ઞેશ, ડિમ્પલ, પાર્થ, સિમરન અને મીઠાં તારાઓ
સમસ્ત મનસુખલાલ ડાહ્યાભાઈ ખાટીવાલા પરિવાર